વડોદરામાં કૌટુંબિક કલહ લોહિયાળ બન્યો, પથ્થરગેટમાં પત્ની, પુત્રી અને માસી પર પતિનો કટર વડે જીવલેણ હુમલો

ત્રણેય ઇજાગ્રસ્તો હોસ્પિટલમાં સારવાર હેઠળ, જાનથી મારી નાખવાની ધમકી આપી પતિ ફરાર

(પ્રતિનિધિ) વડોદરા. તા.15

વડોદરાના પથ્થરગેટ વિસ્તારમાં ઘરેલુ ઝઘડાએ હિંસક સ્વરૂપ ધારણ કરતા ચકચાર મચી ગઈ છે. 8 મહિનાથી અલગ રહેતી પત્નીના ઘરે જઈ ઉશ્કેરાયેલા પતિએ પત્ની, પોતાની સગી પુત્રી અને વચ્ચે છોડાવવા પડેલા માસી પર કટર બ્લેડ વડે હિચકારો હુમલો કરતા સમગ્ર વિસ્તારમાં ફાળ પડી ગઈ છે. હુમલામાં ગંભીર રીતે ઘવાયેલી માતા-પુત્રી અને માસીને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ, વડોદરાના વાડી વિસ્તારમાં આવેલા પથ્થરગેટ પાસેની ખારવા વાડમાં 33 વર્ષીય મયુરીબેન ખારવા રહે છે. તેમના લગ્ન શૈલેષ ખારવા સાથે થયા હતા, પરંતુ છેલ્લા 8 મહિનાથી દંપતી વચ્ચે મતભેદો ચાલતા હોવાથી મયુરીબેન પોતાની દીકરી રિયા સાથે પિયરમાં માતાના ઘરે રહેતા હતા.

ગઈકાલે 14 એપ્રિલના રોજ બપોરના સમયે મયુરીબેન ઘરે રાખડી બનાવવાનું કામ કરી રહ્યા હતા. આ દરમિયાન અચાનક તેમનો પતિ શૈલેષ ત્યાં ધસી આવ્યો હતો અને જૂની અદાવત રાખી ગાળાગાળી કરવા લાગ્યો હતો. જોતજોતામાં ઝઘડો ઉગ્ર બન્યો હતો.

જ્યારે આ ઝઘડો હિંસક બની રહ્યો હતો, ત્યારે મયુરીબેનના માસી ભાનુમતિબેન વચ્ચે છોડાવવા પડ્યા હતા. આરોપી શૈલેષે પિત્તો ગુમાવી ભાનુમતિબેનનું ગળું પકડી લીધું હતું અને પોતાની પાસે રહેલી ધારદાર કટર બ્લેડ કાઢી હુમલો કરી દીધો હતો. પતિએ પોતાની પત્ની મયુરીબેન, માસી ભાનુમતિબેન અને નિર્દોષ દીકરી રિયા પર કટરના ઘા ઝીંકી દીધા હતા. ત્રણેયને હાથના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા લોહીલુહાણ હાલતમાં ચીસાચીસ કરી મૂકી હતી.

હુમલા બાદ આસપાસના લોકો એકઠા થઈ જતાં આરોપી શૈલેષ પત્નીને 'જાનથી મારી નાખીશ' તેવી ધમકી આપી નાસી છૂટ્યો હતો. ઈજાગ્રસ્ત મયુરીબેન અને રિયાને તાત્કાલિક જમનાબાઈ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. જોકે, પુત્રી રિયા અને માસી ભાનુમતિબેનને ગંભીર ઈજાઓ હોવાથી તેઓને વધુ સારવાર અર્થે સયાજી હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવ્યા છે.

ઘટનાની જાણ થતાં જ વાડી પોલીસ કાફલો હોસ્પિટલ અને ઘટના સ્થળે દોડી ગયો હતો. મયુરીબેનની ફરિયાદના આધારે પોલીસે ફરાર શૈલેષ ખારવા વિરુદ્ધ હુમલો અને જાનથી મારી નાખવાની ધમકી આપવા બદલ ગુનો નોંધી તેને ઝડપી પાડવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે. પવિત્ર સંબંધોમાં લોહી વહેતા પથ્થરગેટ વિસ્તારમાં આ ઘટના ટોક ઓફ ધ ટાઉન બની છે.

વ્યવસ્થાપન અને સુરક્ષાનું ઝીણવટભર્યું નિરીક્ષણ

સયાજીબાગ પ્રાણી સંગ્રહાલયમાં સેન્ટ્રલ ઝૂ ઓથોરિટીનું સરપ્રાઈઝ ઈન્સ્પેક્શન

(પ્રતિનિધિ) વડોદરા. તા.15

વડોદરાના ઐતિહાસિક ધરોહર ગણાતા સયાજીબાગ પ્રાણી સંગ્રહાલયની મુલાકાતે આજે દિલ્હીથી સેન્ટ્રલ ઝૂ ઓથોરિટીની એક ઉચ્ચ સ્તરીય વિશેષ ટીમ આવી પહોંચી હતી. આ મુલાકાતને પગલે પ્રાણી સંગ્રહાલયના તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. ટીમે સમગ્ર દિવસ દરમિયાન ઝૂના વિવિધ વિભાગોમાં ફરીને પ્રાણીઓની સારસંભાળ, પાંજરાની ડિઝાઈન અને સુરક્ષાના માપદંડોની ગંભીરતાપૂર્વક સમીક્ષા કરી હતી.

સેન્ટ્રલ ઝૂ ઓથોરિટી ની આ ટીમના નિરીક્ષણનો મુખ્ય હેતુ પ્રાણી સંગ્રહાલયનું વ્યવસ્થાપન કેન્દ્રીય માર્ગદર્શિકા મુજબ ચાલી રહ્યું છે કે નહીં તે તપાસવાનો હતો. દર વર્ષે કરવામાં આવતા નિયમિત ઓડિટના ભાગરૂપે આ ટીમ દ્વારા પ્રાણીઓના સ્વાસ્થ્ય અને તેમના નિવાસસ્થાનની પરિસ્થિતિનો અહેવાલ તૈયાર કરવામાં આવશે.

ટીમે પ્રાણીઓના પાંજરાની લંબાઈ, પહોળાઈ અને ઊંચાઈનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું. ખાસ કરીને નવા બનાવવામાં આવેલા એન્ક્લોઝર્સ નિયમ મુજબ છે કે નહીં અને ત્યાં સ્વચ્છતા જળવાય છે કે નહીં તેની તપાસ કરવામાં આવી હતી. પ્રાણીઓને પીરસવામાં આવતા ખોરાકની ગુણવત્તા ચકાસવા માટે ટીમે 'ફૂડ સ્ટોર'ની મુલાકાત લીધી હતી. પીવાના શુદ્ધ પાણીની વ્યવસ્થા અને પ્રાણી સંગ્રહાલયમાં આવેલી હોસ્પિટલની સજ્જતા અંગે પણ માહિતી મેળવી હતી. દરેક પ્રાણીના હેલ્થ કાર્ડ, રસીકરણ અને બીમારીના ઈતિહાસના રેકોર્ડ્સનું ઝીણવટભર્યું ઓડિટ કરવામાં આવ્યું હતું. મુલાકાતીઓ અને વન્યજીવો વચ્ચેના સલામત અંતરના પ્રોટોકોલની સમીક્ષા કરી, સુરક્ષા જાળી અને બેરિકેડિંગની મજબૂતી તપાસવામાં આવી હતી.

સયાજીબાગ પ્રાણી સંગ્રહાલય એ ગુજરાતનું જૂનું અને લોકપ્રિય ઝૂ છે. અહીં વન્યજીવોની સારસંભાળમાં કોઈ કચાસ ન રહે તે માટે કેન્દ્રીય ટીમે જરૂરી સૂચનો પણ કર્યા છે. સયાજીબાગમાં હાલમાં અનેક દુર્લભ વન્યજીવો વસવાટ કરે છે. સેન્ટ્રલ ઝૂ ઓથોરિટીનીની ટીમે આધુનિક ટેકનોલોજી અને કુદરતી વાતાવરણ ઊભું કરવા પર ભાર મૂક્યો હતો. ટીમના રિપોર્ટના આધારે આગામી સમયમાં ઝૂના અપગ્રેડેશન માટેના મહત્વના નિર્ણયો લેવામાં આવી શકે છે. આ મુલાકાત દરમિયાન સ્થાનિક ઝૂ ક્યુરેટર અને વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ પણ હાજર રહ્યા હતા અને ટીમને જરૂરી તમામ વિગતો પૂરી પાડી હતી.

કોલીયાદ ગામે સાસરીયાઓના ત્રાસથી કંટાળી ભરૂચ પોલીસ મથકે પરિણીતાની દોટ

શાકભાજી આપવા જેવી નજીવી બાબતે પતિ સહિત 6 સાસરીયાઓએ માર માર્યાનો આરોપ

(પ્રતિનિધિ) ભરૂચ, તા.15

ભરૂચ શહેરમાં રહેતા અને મૂળ કરજણ તાલુકાના કોલીયાદ ગામના એક પરિણીતાએ પોતાના પતિ અને સાસરીયાઓ સામે શારીરિક અને માનસિક ત્રાસ આપ્યાની પોલીસ ફરિયાદ નોંધાવી છે.

ભરૂચની શુકુન બંગ્લોઝમાં રહેતા 31 વર્ષીય રુકસાનાબેન ઈમ્તીયાઝ મુસા પટેલે તેમની ફરિયાદમાં જણાવ્યું છે કે તેમના લગ્ન 31/12/2012ના રોજ ઈમ્તીયાઝ મુસા પટેલ સાથે મુસ્લિમ શરીયત મુજબ થયા હતા. લગ્નજીવન થકી તેમને 10 અને 8 વર્ષના બે દીકરાઓ છે. લગ્નના થોડા મહિનાઓ બાદ તેમના પતિ તેમજ સાસરીયાઓ અવારનવાર નાની બાબતોમાં ઝઘડો કરી ત્રાસ આપતા હતા. હાલ તારીખ 05 એપ્રિલના રોજ પાડોશમાં રહેતા મિત્રના દીકરાને પોતાના દીકરા દ્વારા શાકભાજી આપવાની નજીવી બાબતે જેઠાણી રઝીયાએ બાળકને અપશબ્દો કહ્યા હતા. ત્યારબાદ પતિ ઈમ્તીયાઝે પણ ઉગ્ર બોલાચાલી કરી પરિણીતાને ગાળો આપી, ગળું દબાવી ઢીકાપાટુનો માર માર્યો હતો. આ મારમારીના કારણે પરિણીતાને ભરૂચ સિવિલ હોસ્પિટલમાં સારવાર લેવી પડી હતી. આ ઘટનામાં નણંદ સુલ્તાનાબેન સાદિકભાઈ પટેલ, જેઠ ઈમરાન મુસા પટેલ, જેઠ ઈરફાન મુસા પટેલ, જેઠાણી રાબિયા ઈમરાન પટેલ અને જેઠાણી રઝીયાબેન ઈરફાન પટેલે પણ ભેગા મળીને ફરિયાદીને ગાળો બોલી માર માર્યો હતો. પરિણીતાના પિતા અને માતા તેમને લેવા આવ્યા ત્યારે સાસરીયાઓએ તેમની સાથે પણ ઝઘડો કરી માતાને માર માર્યો હતો તેમજ પતિએ પરિણીતાનો મોબાઈલ ફોન પણ તોડી નાખ્યો હતો.

સાસરીયાઓના સતત વધી રહેલા આ શારીરિક અને માનસિક ત્રાસના કારણે અંતે રુકસાનાબેને ભરૂચ પોલીસ સ્ટેશનમાં BNSની કલમ 85, 115(2), 352, 54 મુજબ તમામ 6 આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધાવ્યો છે.

મુલદ ટોલ પ્લાઝા પર વાહન ચાલકોનો હોબાળો, પોલીસ દોડતી થઈ

(પ્રતિનિધિ) ભરૂચ, તા.15

ભરૂચ નજીક NH-48 પર આવેલા મુલદ ટોલ પ્લાઝા પર આજે સ્થાનિક લોકો અને ટ્રાવેલ્સ તથા ટ્રાન્સપોર્ટ વાહનચાલકો દ્વારા વિવિધ પ્રશ્નોને લઈને ઉગ્ર વિરોધ નોંધાવી ચક્કાજામ કરવામાં આવતા પોલીસ દોડતી થઈ હતી. આ વિરોધ પ્રદર્શન દરમિયાન સ્થાનિક વાહનચાલકો અને ટ્રાન્સપોર્ટરોએ ખાનગી બસોને રસ્તા પર આડી મૂકી દેતા થોડા સમય માટે ટ્રાફિક સંપૂર્ણપણે ઠપ થઈ ગયો હતો. પ્રદર્શનકારીઓએ આક્ષેપ કર્યો હતો કે ટોલ પ્લાઝા પર સ્થાનિક વાહનચાલકો પાસેથી પણ ટોલ વસુલવામાં આવે છે, જે સંપૂર્ણપણે નિયમો વિરુદ્ધ છે. આ ઉપરાંત, ટોલ પ્લાઝા પર વારંવાર સર્જાતા ટ્રાફિકજામને કારણે વાહનચાલકોના કિંમતી સમય અને ઈંધણનો વ્યય થતો હોવાની ફરિયાદ પણ ઉગ્રતાથી ઉઠાવવામાં આવી હતી. આ ચક્કાજામના કારણે હાઈવે પર પરિસ્થિતિ બગડતા પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને મામલો થાળે પાડ્યો હતો.

તંત્રની ઘોર બેદરકારી સામે ઉઠ્યા સવાલો

વડસર બ્રિજ પર બે આઈસર ટેમ્પો અને કાર વચ્ચે ટ્રિપલ અકસ્માત, ટ્રાફિક જામના દ્રશ્યો

વારંવાર સર્જાતા અકસ્માતોને લઈ લોકોમાં ભારે રોષ



(પ્રતિનિધિ) વડોદરા. તા.15

શહેરના દક્ષિણ વિસ્તારને જોડતા મહત્વના એવા વડસર બ્રિજ પર આજે એક અકસ્માત સર્જાયો હતો. બે આઈસર ટેમ્પો અને એક લક્ઝરી કાર વચ્ચે થયેલા અકસ્માતમાં કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ અકસ્માતને પગલે બ્રિજ પર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી.

મળતી માહિતી મુજબ, વડસર બ્રિજ પરથી પસાર થઈ રહેલા એક આઈસર ટેમ્પોએ અચાનક બ્રેક મારતા પાછળ આવી રહેલી કાર તેની સાથે અથડાઈ હતી. આ દરમિયાન પાછળથી પૂરઝડપે આવી રહેલા અન્ય એક આઈસર ટેમ્પોએ કારને જોરદાર ટક્કર મારતા કાર બંને ટેમ્પોની વચ્ચે સેન્ડવિચ બની ગઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે કારના પાછળના અને આગળના ભાગના ફુરચા ઉડી ગયા હતા.

વડસર બ્રિજ હવે 'ડેથ ટ્રેપ' બની રહ્યો હોય તેમ લાગી રહ્યું છે. અકસ્માત થતાં જ આસપાસના લોકો અને વાહનચાલકો મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા હતા. સ્થાનિકોએ તંત્ર સામે આક્રોશ ઠાલવતા જણાવ્યું હતું કે, બ્રિજ પર ભારે વાહનો બેફામ ગતિએ દોડે છે જેના પર કોઈ અંકુશ નથી. વધતા જતા ટ્રાફિક સામે બ્રિજની ડિઝાઈન અને પહોળાઈ ઓછી હોવાને કારણે અવારનવાર ઘર્ષણ થાય છે. અકસ્માતને પગલે થોડા સમય માટે બ્રીજ પર ટ્રાફિક જામ થયો હતો.

ભરૂચમાં ક્રિકેટના બોલને લઈ મારામારી, મહિલા પર બેટ વડે હુમલો

જાનથી મારી નાખવાની ધમકી આપતા ગુનો દાખલ કરાયો

(પ્રતિનિધિ) ભરૂચ, તા.15

ભરૂચ શહેરના જલારામધામ સોસાયટીમાં ક્રિકેટના બોલને લઈને બે પાડોશણ વચ્ચે થયેલા ઝઘડાએ બેટથી મારામારી સુધી પહોચી ગયું હતું. એક મહિલાએ પાડોશણ વિરુદ્ધ બેટ વડે માર મારવા, નખ વડે ઈજા પહોંચાડવા અને જાનથી મારી નાખવાની ધમકી આપતા ગુનો દાખલ થયો છે.

પોલીસ મથક ભરૂચ શહેરમાં 57 વર્ષીય કમલાબેન અનિલભાઈ સાસિયા (રહે. એલ-119, જલારામધામ સોસાયટી) એ FIRમાં જણાવ્યું હતું કે,તા.13/4/2026નાં રોજ સાંજે પોણા છ વાગ્યાના અરસામાં તેમના ઘરની સામે રહેતા વિપુલભાઈ પ્રજાપતિના નાના છોકરાનો ક્રિકેટનો બોલ તેમના ઘરના ઉપરના માળે ગયો હતો. છોકરો બોલ લેવા આવ્યો ત્યારે કમલાબેને તેની માતાને બોલાવવા કહ્યું હતું.

ત્યારે આરોપી ઊર્મિબેન પ્રજાપતિ ત્યાં આવી ચડ્યા અને કમલાબેનને ગંદી ગાળો બોલતાં કહ્યું કે, "તું મારા છોકરાને રમવા કેમ નથી દેતી? બોલ આપી દે, નહીંતર તને પતાવી દઈશ." એટલું જ નહીં, ઊર્મિબેને પોતાના ઘરેથી બેટ લઈ આવ્યા અને તે વડે કમલાબેનને કમર અને શરીર પર માર્યા હતા. વળી, જમણા હાથ અને જમણા ગાલ પર નખ મારી ઈજા પહોંચાડી હતી. આ દરમિયાન સોસાયટીના લોકોએ દરમિયાનગીરી કરી કમલાબેનને બચાવી લીધા હતા.

ઊર્મિબબેનએ ફરિયાદીને ઘરનો દરવાજો બંધ કરીને અંદર જતા રહેવાની, નહીંતર પતાવી દેવાની ધમકી પણ આપી હતી. ઈજાગ્રસ્ત કમલાબેનને તેમના પતિ ભરૂચ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લઈ ગયા હતા. આ બનાવ બાદ ભરૂચ એ ડીવીઝનમાં ફરિયાદ આપતા ઊર્મિબેન પ્રજાપતિ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સ્માર્ટ મીટરનું બિલિંગ પ્રીપેડ કે પોસ્ટપેડ? પસંદગી હવે ગ્રાહકના હાથમાં

કેન્દ્ર સરકારની નવી માર્ગદર્શિકા મુજબ હવે તમામ ગ્રાહકોના ઘરે સ્માર્ટ મીટર લગાવાશે

ગુજરાતમાં 46 લાખથી વધુ સ્માર્ટ મીટર કાર્યરત, બિલિંગ પદ્ધતિ પસંદ કરવાની સત્તા ગ્રાહકોને

દિવસ દરમિયાન વપરાશ પર 60 પૈસાની છૂટ

ગુજરાત ઇલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશનના પ્રાવધાન મુજબ સવારે ૧૧:૦૦ થી સાંજે ૫:૦૦ દરમિયાન વીજ વપરાશ પર પ્રતિ યુનિટ ૬૦ પૈસાની છૂટ આપવાની જોગવાઈ કરવામાં આવી રહી છે. ઉપરાંત પ્રીપેડ સ્માર્ટ મીટર ધરાવતા ગ્રાહકોને ઊર્જા ચાર્જ પર ૩ ટકા સુધીની વધારાની છૂટ મળશે. આ પગલાંનો હેતુ દિવસ દરમિયાન વીજ વપરાશ વધારવો અને ગ્રાહકોને આર્થિક લાભ આપવાનો છે.

(પ્રતિનિધિ) વડોદરા તા.15

દેશમાં વીજ વ્યવસ્થાને આધુનિક, પારદર્શક અને ટેક્નોલોજી આધારિત બનાવવા માટે કેન્દ્ર સરકારે સ્માર્ટ મીટર અંગે સ્પષ્ટ દિશા-નિર્દેશો જાહેર કર્યા છે. સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી ઓથોરિટી દ્વારા જાહેર કરાયેલી નવી માર્ગદર્શિકા મુજબ તમામ ગ્રાહકોને તબક્કાવાર સ્માર્ટ મીટર સાથે જોડવામાં આવશે અને પરંપરાગત મીટરોને બદલી દેવાશે. સ્માર્ટ મીટર પરંપરાગત મીટરનું જ વધુ આધુનિક સ્વરૂપ છે, જેમાં સંચાર સુવિધા જોડાયેલ હોવાથી વીજ વપરાશની સચોટ માહિતી અને પારદર્શક બિલિંગ શક્ય બને છે. આનો મુખ્ય હેતુ વીજ વપરાશની દેખરેખ મજબૂત બનાવવો અને વિતરણ વ્યવસ્થાને અસરકારક બનાવવાનો છે.

ગુજરાત રાજ્ય સ્માર્ટ મીટર અભિયાનમાં ઝડપથી આગળ વધી રહ્યું છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૪૬ લાખથી વધુ સ્માર્ટ મીટર લગાવવામાં આવ્યા છે. જેમાં મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા મધ્ય ગુજરાતમાં ૧૨.૫૦ લાખ મીટર સ્થાપિત કરવામાં આવ્યા છે. વડોદરા શહેર અને જિલ્લામાં મળીને ૪ લાખથી વધુ સ્માર્ટ મીટર કાર્યરત છે. દેશભરમાં કુલ ૯ કરોડથી વધુ સ્માર્ટ મીટર લગાવવામાં આવ્યા છે. સ્માર્ટ મીટરથી ગ્રાહકોને મોબાઈલ એપ્લિકેશન દ્વારા તાત્કાલિક સમયની વીજ વપરાશની માહિતી મળી રહે છે, જેના કારણે તેઓ પોતાનો વીજ ઉપયોગ વધુ સારી રીતે નિયંત્રિત કરી શકે છે.

નવી માર્ગદર્શિકા મુજબ તમામ ગ્રાહકોને નિર્ધારિત સમયગાળામાં સ્માર્ટ મીટર સાથે જોડવામાં આવશે. લોકસભામાં કેન્દ્રીય ઊર્જા પ્રધાન મનોહર લાલ ખટ્ટરે સ્પષ્ટ કર્યું છે કે સ્માર્ટ મીટર લાગ્યા બાદ બિલિંગ પદ્ધતિ – પ્રીપેડ કે પોસ્ટપેડ – પસંદ કરવાની સંપૂર્ણ સત્તા ગ્રાહકો પાસે રહેશે. આ નિર્ણયથી ગ્રાહકોને વધુ લવચીકતા મળશે અને વીજ બિલનું સંચાલન સરળ બનશે.

એલપીજી: સંગ્રહખોરી પર લગામ અને ઓનલાઇન બૂકિંગમાં 98%નો ઉછાળો

સંગ્રહખોરી વિરુદ્ધ મહાઅભિયાન: 1.28 લાખ દરોડા અને હજારો સિલિન્ડર જપ્ત

(પ્રતિનિધિ) વડોદરા તા.15

ભારત સરકારના કડક અમલીકરણ અને પારદર્શક નીતિઓના પરિણામે દેશમાં એલપીજી વિતરણ વ્યવસ્થામાં ક્રાંતિકારી પરિવર્તન આવ્યું છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય (MoPNG) ના જણાવ્યા અનુસાર, હવે ગ્રાહકોમાં અછતનો ડર દૂર થયો છે અને ડિજિટલ સુવિધા પ્રત્યે વિશ્વાસ વધ્યો છે. જેના કારણે ઓનલાઈન એલપીજી બૂકિંગનો દર આશરે 98% સુધી પહોંચી ગયો છે, જ્યારે 92% ડિલિવરી OTP આધારિત સિસ્ટમથી સુરક્ષિત બની છે.

વિતરણ વ્યવસ્થામાં રહેલી ખામીઓ અને કાળાબજારને ડામવા માટે માર્ચ 2026 થી દેશવ્યાપી ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. આ સમયગાળા દરમિયાન કુલ 1.28 લાખથી વધુ તપાસ હાથ ધરીને 59,000 થી વધુ ગેરકાયદેસર સિલિન્ડરો જપ્ત કરવામાં આવ્યા છે. આ કડક કાર્યવાહીનો મુખ્ય હેતુ ઘરેલું ગેસનો કોમર્શિયલ ઉપયોગ રોકવાનો અને વિતરણ નેટવર્કમાં પારદર્શકતા લાવવાનો છે.

સરકારની સક્રિયતાને કારણે આજે દેશમાં ક્યાંય પણ ગેસની અછત નથી. એક જ દિવસમાં 51 લાખથી વધુ પરિવારોને સિલિન્ડર વિતરિત કરવાનો રેકોર્ડ નોંધાયો છે. રવિવારે પણ વિતરણ કેન્દ્રો ચાલુ રાખીને ગ્રાહકોને અવિરત સેવા પૂરી પાડવામાં આવી રહી છે. માત્ર ઘરેલું જ નહીં, પણ ખાદ્ય અને કૃષિ જેવા ઔદ્યોગિક ક્ષેત્રો માટે પણ બલ્ક સપ્લાય પુનઃસ્થાપિત કરાયો છે. માર્ચ 23 થી અત્યાર સુધીમાં 10 લાખથી વધુ કોમર્શિયલ સિલિન્ડરોનું વેચાણ થયું છે, જે મજબૂત રિફાઈનરી કામગીરી અને પર્યાપ્ત ક્રૂડ જથ્થાનું પરિણામ છે.

જિલ્લા પંચાયતની 2 બેઠક પર ભાજપ બિનહરીફ

વાઘોડિયા સેવા સદનમાં કોંગ્રેસ પ્રમુખ અને ભાજપ વચ્ચે ખેંચતાણ

કોંગ્રેસના ઉમેદવારોની ઘરવાપસીથી રાજકીય ગરમાવો, અંતિમ ક્ષણોમાં ઘમાસાણ બાદ ઉમેદવારી પરત

(પ્રતિનિધિ) વાઘોડિયા તા.15

વાઘોડિયા તાલુકા સેવા સદન ખાતે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના અંતિમ દિવસે રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો. ભારતીય જનતા પાર્ટી અને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ વચ્ચે ઉમેદવારી પરત ખેંચાવવાના મુદ્દે ખેંચતાણ સર્જાઈ હતી. અંતે જિલ્લા પંચાયતની જરોદ અને ગુતાલ સહિતની બેઠકો પર ભાજપે ઉમેદવારો બિનહરીફ બનાવવામાં સફળતા મેળવી હોવાનું સામે આવ્યું છે.

માહિતી મુજબ, ભાજપમાં ટિકિટ ન મળતા બે કાર્યકર્તાઓ – નરેન્દ્રભાઈ સુરેશભાઈ વસાવા (ગુતાલ જિલ્લા પંચાયત) અને પ્રકાશભાઈ ચીમનભાઈ વસાવા (જરોદ જિલ્લા પંચાયત) – કોંગ્રેસમાંથી ઉમેદવારી નોંધાવી હતી. પરંતુ બાદમાં તેઓ ભાજપના ઈન્ચાર્જ રાજેન્દ્ર પટેલના સંપર્કમાં આવતા બંને ઉમેદવારો પાસેથી ઉમેદવારી પરત ખેંચાવવામાં આવી હતી. જેના કારણે બંને જિલ્લા પંચાયત બેઠકો ભાજપ બિનહરીફ બની હતી. ઉપરાંત ગુતાલ તાલુકા પંચાયતની એક બેઠક પણ બિનહરીફ જાહેર થઈ હતી.

ઉમેદવારી પરત ખેંચવાના અંતિમ દિવસે કોંગ્રેસ પ્રમુખ નારણભાઈ પટેલ વહેલી સવારથી સેવા સદન ખાતે હાજર રહ્યા હતા. તેમણે કોંગ્રેસના મેન્ડેટ પર ઉમેદવારી નોંધાવનાર ઉમેદવારોને ઉમેદવારી પરત ખેંચતા રોકવાનો પ્રયાસ કર્યો હતો. જોકે અંતિમ ક્ષણોમાં ભાજપ કાર્યકરોની ગાડીઓમાં ઉમેદવારો સેવા સદન પહોંચ્યા હતા.

આ દરમિયાન કોંગ્રેસ પ્રમુખ અને ભાજપના કાર્યકરો વચ્ચે તંગ સ્થિતિ સર્જાઈ હતી. પરિસ્થિતિ ઉગ્ર બનતા ભાજપના આગેવાનો સુરેશભાઈ પટેલ અને જય જોશીએ મધ્યસ્થી કરી મામલો સંભાળવાનો પ્રયાસ કર્યો હતો.

મતદાર જાગૃતિ: એક જ વોર્ડમાં 4 વોટ આપવાની જટિલ પ્રક્રિયા અને નવા નિયમો

વડોદરા કોર્પોરેશન ચૂંટણી: માત્ર બટન દબાવવાથી કામ પૂરું નહીં થાય, 'પીળું બટન' નહીં દબાવો તો મત એળે જશે!

(પ્રતિનિધિ) વડોદરા તા.15

આગામી સમયમાં યોજનારી વડોદરા મહાનગરપાલિકાની ચૂંટણીઓને લઈને વહીવટી તંત્ર અને ચૂંટણી પંચ દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવતા રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. સામાન્ય રીતે લોકસભા કે વિધાનસભાની ચૂંટણીમાં મતદારો એક જ વોટ આપતા હોય છે, પરંતુ વડોદરા સહિતની મહાનગરપાલિકાઓની ચૂંટણી પ્રક્રિયા તેનાથી તદ્દન અલગ છે. આ વખતે પણ 'પેનલ સિસ્ટમ' મુજબ મતદાન થવાનું હોવાથી વડોદરાના મતદારોએ મતદાન મથકે જતા પહેલા કેટલીક ખાસ બાબતોનું ધ્યાન રાખવું પડશે.

મહાનગરપાલિકાના દરેક વોર્ડમાં ચાર ઉમેદવારોની એક પેનલ હોય છે. આ વ્યવસ્થા હેઠળ વડોદરાનો એક મતદાર મહત્તમ ચાર ઉમેદવારોને પોતાનો મત આપી શકે છે. મતદાર પાસે એ વિકલ્પ રહેશે કે તે ઈચ્છે તો કોઈ એક જ પક્ષના તમામ ચાર ઉમેદવારોને મત આપી શકે અથવા અલગ-અલગ પક્ષના ઉમેદવારોની પસંદગી કરીને પણ પોતાના ચાર મતોનો ઉપયોગ કરી શકે છે. જો કોઈ મતદાર ચારને બદલે એક, બે કે ત્રણ ઉમેદવારને જ મત આપવા માંગતો હોય તો તેમ પણ કરવાની છૂટ રહેશે.

મતદાનની પ્રક્રિયામાં સૌથી મહત્વનો અને ધ્યાન રાખવા જેવો ફેરફાર એ છે કે, ઈવીએમ મશીન પર પોતાની પસંદગીના ઉમેદવારોના બટન દબાવ્યા બાદ પ્રક્રિયા પૂર્ણ થતી નથી. ઉમેદવાર પસંદ કર્યા પછી મશીન પર રહેલું 'પીળા રંગનું રજિસ્ટર બટન' દબાવવું અનિવાર્ય છે. જો મતદાર આ બટન નહીં દબાવે, તો તેમણે અગાઉ આપેલા મતોની નોંધણી થશે નહીં અને તેમનો કિંમતી મત અમાન્ય ગણાશે. મતદારને પોતાની પસંદગી કરવા માટે અંદાજે 50 થી 60 સેકન્ડનો સમય આપવામાં આવશે.

ચૂંટણી પંચની માર્ગદર્શિકા મુજબ, આ વખતની સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં વીવીપેટ મશીનનો ઉપયોગ કરવામાં આવશે નહીં. દરેક ઈવીએમ મશીનમાં 15 બટન અને એક 'નોટા' નું બટન હશે. મતદાર જ્યારે ઉમેદવારના નામ સામેનું બટન દબાવશે ત્યારે લાલ લાઈટ થશે, જે મત આપ્યાની પુષ્ટિ કરશે. ચાર વખત લાલ લાઈટ થાય ત્યાં સુધી મતદાર અલગ-અલગ પસંદગી કરી શકશે અને ત્યારબાદ રજિસ્ટર બટન દબાવી પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે.

વડોદરાના જે મતદારો પાસે ચૂંટણી કાર્ડ (EPIC) ઉપલબ્ધ નથી, તેઓ પણ મતાધિકારથી વંચિત રહેશે નહીં. પંચ દ્વારા માન્ય રાખવામાં આવેલા 12 વૈકલ્પિક પુરાવાઓમાંથી કોઈપણ એક બતાવીને મતદાન કરી શકાશે. જેમાં આધાર કાર્ડ, પાન કાર્ડ કે ફોટો આઈડી ધરાવતા સરકારી દસ્તાવેજોનો સમાવેશ થાય છે.

વડોદરામાં મતદાનની પ્રક્રિયાને વધુ ઝડપી અને સરળ બનાવવા માટે ચૂંટણી પંચ દ્વારા મતદાન મથકો પર વધારાના ઈવીએમ મશીનોની પણ વ્યવસ્થા કરવામાં આવશે, જેથી શહેરીજનોને લાંબી લાઈનોમાં ઉભા રહી રાહ જોવી ન પડે.

પાદરા જિ.પં.17 અને તા.પં.68 ઉમેદવારો હવે મેદાનમાં

પાદરા : પાદરા જિલ્લા પંચાયતની ૬ બેઠકો માટે કુલ ૨૪ ઉમેદવારી પત્રો ભરાયા હતા. જેમાંથી ચકાસણી દરમ્યાન ૫ ફોર્મ રદ્દ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ આજે ૧ ઉમેદવાર દ્વારા ફોર્મ પરત ખેંચાતા અંતિમ ગણતરી મુજબ ૧૭ ઉમેદવારો જ્યારે પાદરા તાલુકા પંચાયતની ૨૬ બેઠકો માટે કુલ ૯૭ ઉમેદવારી પત્રો ભરાયા હતા. ચકાસણી દરમ્યાન ૨૭ ફોર્મ રદ્દ થતા અને વધુમાં ૨ ઉમેદવારો દ્વારા ફોર્મ પરત ખેંચાતા હવે ૬૮ ઉમેદવારો મેદાનમાં છે.

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા
ભારત સરકાર
રમતગમત વિભાગ
(યુવા કાર્ય અને રમતગમત મંત્રાલય હેઠળની એક સ્વાયત્ત સંસ્થા)
રૂમ નંબર 210, SAI-હેડ ઓફિસ બિલ્ડિંગ, SAI-હેડક્વાર્ટર, જવાહરલાલ નેહરુ સ્ટેડિયમ કોમ્પ્લેક્સ (પૂર્વ ગેટ-નંબર 10) લોધી રોડ, નવી દિલ્હી-110003
ફાઇલ નંબર: 01-04001(01)/1/2026-66/150 તારીખ: 30.01.2026

અધિસૂચના

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા નિયમિત ધોરણે પરફોર્મન્સ એનાલિસ્ટની નિમણૂક માટે અરજીઓ આમંત્રિત કરે છે
સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (SAI) પાત્રતા ધરાવતા ઉમેદવારો પાસેથી SAI માં 07 સ્પોર્ટ્સ સાયન્સ વિષયોમાં 7મા CPC ના પે લેવલ- 06 (રૂ.35400- રૂ.112400/-) માં પરફોર્મન્સ એનાલિસ્ટ (સીધી ભરતી) ની 48 જગ્યાઓ ભરવા માટે અરજીઓ આમંત્રિત કરે છે.
ઉક્ત પોસ્ટની વિગતો અને અન્ય સંબંધિત માહિતી SAIની વેબસાઇટ એટલે કે, https://sportsauthorityofindia.nic.in પર ઉપલબ્ધ છે.

ડેપ્યુટી ડાયરેક્ટર
(માનવ સંસાધન વિભાગ - II)
SAI હેડ ઓફિસ
cbc 47103/12/0002/2627

જાહેર ચેતવણી

આથી જાહેર જનતાને તથા લાગતા વળગતા તમામને જાણ કરવામાં આવે છે કે અમારા અસીલ શ્રી મનીષભાઈ ભાદાભાઈ પાનસુરીયા તે S. P. Infra - a p/s firm, ઠે. બી-૪૦૨, પ્રેમ દર્શન, અંબે વિદ્યાલય પાછળ, સમા સાવલી રોડ, વેમાલી, વડોદરા-૩૯૦૦૦૮ ના વહીવટકર્તા ભાગીદારની સુચના મુજબ એમની સ્વતંત્ર / સંપૂર્ણ માલિકી કબજા ભોગવટા નીચેની અત્રે નીચે દર્શાવેલ સ્થાવર જમીન / મિલકતો છે.

જીલ્લા / તાલુકા વડોદરાના મોજે હરણી ગામની સીમમાં સર્વે નં. ૬૭/૧ તથા ૬૭/૧/પૈકી ૧, ટી.પી. સ્કીમ નં. ૧ ના ફાઈનલ પ્લોટ નં. ૧૧૩ ની બિનખેતી થયેલ જમીન ઉપર આવેલ "શ્રી સિધ્ધેશ્વર પેરેડાઈઝ" નામની રેસીડેન્સીયલ / કોમર્શીયલ યોજના આવેલ છે.

જીલ્લા / તાલુકા વડોદરાના મોજે હરણી ગામની સીમમાં સર્વે નં. ૧૦૩, ટી.પી. સ્કીમ નં. ૧ ના ફાઈનલ પ્લોટ નં. ૭૮ પૈકી પૂર્વ દિશા તરફની બિનખેતી થયેલ જમીન ઉપર આવેલ "શ્રી સિધ્ધેશ્વર પેસીફીકા" નામની રેસીડેન્સીયલ / કોમર્શીયલ યોજના આવેલ છે.

જીલ્લા / તાલુકા વડોદરાના મોજે હરણી ગામની સીમમાં સર્વે નં. ૫૫ તથા ૫૬ પૈકી, ટી.પી. સ્કીમ નં. ૧ ના ફાઈનલ પ્લોટ નં. ૧૪૯+૧૫૦ પૈકીની બિનખેતી થયેલ જમીન ઉપર આવેલ "શ્રી સિધ્ધેશ્વર પ્રાઈમ" નામની રેસીડેન્સીયલ / કોમર્શીયલ યોજના આવેલ છે.

અમારા અસીલની અત્રે ઉપર દર્શાવેલ જુદી-જુદી યોજનામાં (૧) દિક્ષીતકુમાર પટેલ (૨) જ્યોતિકાબેન દિક્ષીતકુમાર પટેલ (૩) હિનાબેન ચંદ્રકાંત પટેલ (૪) ચંદ્રકાંત ભુલાભાઈ પટેલ (૫) રાજેશ જૈન (૬) મનીશ જૈન (૭) સમકિત જૈન (૮) ટિંવકલ જૈન (૯) ઉત્તમ જૈન (૧૦) સતિશ જૈન (૧૧) કમલાબેન કિરણકુમાર જૈન (૧૨) રોનિત જૈન (૧૩) કિરણકુમાર જૈન (૧૪) દર્શીત શાહ તથા (૧૫) કમલેશ શાહનાઓ મુડીનું રોકાણ કરેલ અને તે સંદર્ભે તેઓની તરફેણમાં સદર જુદી-જુદી યોજનામાં અલગ-અલગ મિલકતના રજી. બાનાખત અમારા અસીલે લખી / કરી આપેલ છે તે પૈકી અમુક મિલકતોના રજી. બાનાખત અમારા અસીલની તરફેણમાં તેઓએ રદ્દ કરી આપેલ છે. ઉપરાંત અમારા અસીલે તેમની મુળ મુડી સહિત તેનું વ્યાજ પણ તેઓને તથા તેમની સુચના અને કહેવા મુજબ તેમના સગા-સંબંધીને અમારા અસીલ દ્વારા ચુકવી આપેલ હોઈને બાકી રહેતા રજી. બાનાખત રદ્દ કરી આપવાનું અવાર-નવાર કહેતા હતા. પરંતુ એક યા બીજા બહાના હેઠળ તેઓ ટાળ્યે જતા હોઈ અમારા અસીલને તે બાબતે શંકા તેઓ સાથે વાટાઘાટો કરતા તેઓ પૈકી અમુક વ્યક્તિઓએ અમારા અસીલની ઓફીસ પર આવીને અપશબ્દો / ગાળાગાળી / બિભત્સય ગેરવર્તન તથા ફોન પર ધાક-ધમકી આપેલ હોઈ અને બાકી રહેતા રજી. બાનાખત રદ્દ નહી કરવા અને થાય તે કરી લેવા અને તેવી મિલકતો પર મલ્ટીપલ ટ્રાન્જેક્શન કરી જમીન / મિલકત / યોજનાનાં ટાઈટલને તથા અમારા અસીલની શાખને બદનામ કરવાની તથા હાની પહોંચાડવાનો પ્રયાસ કરેલ છે. આથી ઉપરોક્ત સંદર્ભે જાહેર જનતાને તથા લાગતા વળગતાને આ જાહેર ચેતવણીથી જણાવવાનું કે, ઉપર દર્શાવેલ ઇસમો સાથે અમારા અસીલની સદર યોજનામાં આવેલ મિલકત / મિલકતો સંદર્ભે કોઈપણ પ્રકારના કરારો, દસ્તાવેજો તથા તેને આનુસંગિક લખાણો રજીસ્ટર્ડ યા નોટરાઈઝડ યા અનનોટરાઈઝડ લખાણો કે નાણાંકીય વ્યવહાર કે લેવડ-દેવડ થયેલા હોય તે તમામ આથી રદ્દબાતલ ગણવાનાં રહેશે અને તેવા જે કોઈ કરારો, દસ્તાવેજો લખાણ કરેલ હશે તેવા વ્યક્તિઓના નાણાં ડુબી ગણવાના રહેશે અને જેઓની સામે તથા સદર ઉપરોક્ત ઇસમો સામે અમારા અસીલે કાયદેસરની કાર્યવાહી કરવાની પેરવી કરી લીધેલ છે અને સદર ઇસમો જોડે કોઈપણ પ્રકારનો નાણાંકીય કે આર્થિક મિલકતની લેવડ-દેવડ કરવી નહી અને તે સંદર્ભે જે કોઈ વ્યક્તિઓ આવા વ્યવહારોમાં સંડોવાયેલા હશે તેની સામે અમારા અસીલ મળતી કાયદાકીય સલાહ મુજબ કડક કાયદેસરના પગલા ભરશે જેની જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી. તા. ૧૬-૪-૨૦૨૬

અમારા અસીલની સુચનાથી અમારા અસીલનાં વતી અને તરફથી અમારી મારફતે
For, WISEMAN LEGAL
Homi N. Maratha
'કંચનકાશી' ૫૫, આઝાદ સોસાયટી, બ્રહ્મભટ્ટ હોલની બાજુમાં, સહજાનંદ કોલેજની પાછળ, આંબાવાડી, અમદાવાદ-૧૫. મો.: ૯૭૨૩૧૬૬૧૮૮